
# એસ.ટી. બસ પર સ્વાસ્થની કાળજી અંગેનું લખાણ અર્થનો અનર્થ કરી રહ્યુ છે

## મહિલા અને બાળ કલ્યાણ વિભાગની જાહેરાતમાં ‘બાળકની રસોઈ કરતા પહેલા’ એ વાક્યમાં વાંધો

ગાંધીનગર, તા. ૧૧

આરોગ્ય એજ સંપતિ છે. જેને લક્ષમાં રાખી કેન્દ્ર અને રાજ્ય સરકાર અનેક વિવિધ પગલાં લઈ સ્વાસ્થ્યની કાળજી બાબતે નાગરીકોને સુરક્ષા પુરી પાડવાના પ્રયાસો હાથ ધરે છે. તેજ રીતે રાજ્ય સરકારના માતાએ લેવાની કાળજી અંગેના સુત્રો લખાવ્યા છે. જેનાથી બાળકનું સ્વાસ્થ તંદુરસ્ત રહી શકે. આ સુત્રોમાં બલમ્ સુખમ્ હેઠળ આવરી લઈ લખાયું છે કે - બાળકને સાફ કર્યા પછી - બાળકને જમાડતાં પહેલા. - બાળકની રસોઈ કરતાં પહેલાં - સૌચ ક્રિયા કર્યા બાદ.... હાથ




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

મહિલા અને બાળ કલ્યાણ વિભાગે એસ.ટી. નિગમની બસો ઉપર માતા અને બાળક માટે કેટલાક સુત્રોની જાહેરાત મુકી છે. આ સુત્રોમાંથી એક કે બે સુત્રોનો અર્થ યોગ્ય ન નીકળતા લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. જો કે સારા ઉદ્દેશથી લખાયેલુ આ લખાણ પ્રથમ દ્દષ્ટિએ વિચલિત કરે છે પરંતુ તેનો ઉંડાણથી અભ્યાસ કરતાં સાચો મર્મ સમજાય તેમ છે. છતાં પણ સરળ ભાષામાં ઉપયોગ થાય તે ઈચ્છનીય બન્યું છે.

આરોગ્ય સાથે સંકળાયેલી તમામ બાબતોના ઉપયોગ વિશે રાજ્ય સરકાર જાગૃતિ ફેલાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે. વધુમાં ગ્રામ્ય વિસ્તારોમાં સ્વાસ્થ અંગેની કાળજી માટે ઘેર ઘેર સુધી સંદેશો પહોંચાડવાના સરકારના નિષ્ઠાવાન કાર્યોની નોંધ લેવાય છે. જેથી અન્ય રાજ્યો કરતાં ગુજરાત રાજ્યની આરોગ્ય સેવાઓ ઘણી સારી છે. આ આરોગ્યની કાળજીનો સંદેશો ગ્રામ્ય વિસ્તારમાં વધુ ફેલાય તે માટે સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગે એસ.ટી. નિગમની બસો ઉપર સાબુથી અચુક ધુઓ... માતાને ઉદ્દેશીને લખાયેલા આ લખાણમાં બાળકની રસોઈ કરતા પહેલા એ સુત્રનો અર્થ અન્ય રીતે એટલે કે અર્થઘટન ખોટુ નીકળતાં લોકોમાં ઉહાપોહ થયો છે. વધુમાં પ્રથમ સુત્ર પણ થોડુ અટપટુ લાગી રહ્યુ છે. જેથી લોકો સુત્રો મુકતા પહેલાં તેનો જરૂરી અભ્યાસ કરાય તેવી માંગ કરી રહ્યા છે. ખરેખર બાળકની રસોઈ કરતા પહેલા સુત્રમાં બાળક માટેની રસોઈ કરતા પહેલાં એવુ લખાણ હોવુ જોઈએ તેમજ બાળકને સાફ કર્યા પછી સુત્રમાં બાળકનું શરીર સ્વચ્છ કર્યા પછી તેવુ લખાય તે સમજમાં આવી શકે તેવુ બની શકે છે.

રાજ્યભરમાં દરેક ગામ અને શહેર જતી એસ.ટી. બસો ઉપર લખાયેલા આ લખાણથી અનેકની લાગણીઓ દુભાઈ છે જેથી જાહેરાતમાં થોડોક ફેરફાર કરી સીધી-સાદી ભાષામાં સમજાય અને તેનું અર્થઘટન ખોટુ ન થાય તેવા શબ્દો મુકવા નાગરીકોએ માંગ કરી છે.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત ઓફ મેનેજમેન્ટ દ્વારા આયોજિત ધ એનએસેબલ-૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું હતુ. ગુજરાતની મેનેજમેન્ટ કક્ષાની ૭૦ થી વધુ કોલેજોના ૯૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં યુનિવર્સિટી સંચાલિત પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થી જય મેરજા અને પલક પટેલે બ્રાન્ડીંગ ક્વીઝ અને ન્યૂ પ્રોડક્ટ/આઈડિયા નામની સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ બદલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને ફેકલ્ટી મિતેષ મોદીએ અભિનંદન પાઠવ્યા હતા.

# સાઈ ખાતે ફીટનેસ-સ્પોર્ટસ સમર કોચિંગ કેમ્પનું આયોજન

## વિવિધ રમતો માટે સ્પેશ્યલ કોચ દ્વારા તાલીમ અપાશે : સ્પેશ્યલ ફીટનેસ સ્લોટમાં જોગીંગથી માંડીને સોના સ્ટીમ બાથ અને મસાજની રાહત દરે સુવિધા : મહિલાઓ માટે અલગ વ્યવસ્થા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ખાતે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના વેસ્ટર્ન સેન્ટર દ્વારા સ્પોર્ટસ ફોર ઓલ એન્ડ સમર કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં પુરૂષો અને મહિલાઓ માટે રાહત દરે ફીટનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકનું માર્ગદર્શન કેમ કરવું જેવા વિષયો સાથે મસાજ અને સ્ટીમ બાથ વગેરેને આવરી લેવાયું છે.

સાઈ દ્વારા આયોજિત વિસ્તૃત તાલીમ કાર્યક્રમ તા. ૨૦મી એપ્રિલથી તા. ૩૧મી મે દરમિયાન યોજાશે. જેના ફોર્મ તા. ૧૩મી એપ્રિલથીરૂ. ૧૦ની કિંમતે બોયઝ હોસ્ટેલ ખાતે એસટીસી ઓફિસમાંથી ઉપલબ્ધ થશે. આ તાલીમ કાર્યક્રમમાં બેડમિન્ટન, ક્રિકેટ, એથેલિટકસ, બાસ્કેટબોલ, ફુટબોલ, જીમ્નાસ્ટિક, હોકી, હેન્ડબોલ, કબડ્ડી, વોલીબોલ અને કુસ્તીના તાલિમ-કોચિંગનો સમાવેશ કરાયો છે. કોચિંગ કેમ્પ તથા સ્પેશ્યલ ફીટનેસ સ્લોટ માટે વધુ માહિતી સાંઈની ઓફિસે બપોરે ૧૧ થી ૧ અને સાંજે ૪.૩૦ થી ૬ વાગ્યા દરમિયાન રૂબરૂ મેળવી શકાશે.

# શહેર જાગૃત પરિષદના હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક તાજેતરમાં મળી હતી. આ સમિતિમાં બે વર્ષ માટે સભ્યોને બિન હરીફ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં લવજીભાઈ વાડીઆ, જ્યોતિન્દ્ર દવે, ભાનુપ્રસાદ પુરાણી, રાજેન્દ્રકુમાર પારેખ, જયંતકુમાર ભટ્ટ, મુળજીભાઈ પરમાર, જીતેન્દ્ર ત્રિવેદી, નિરંજન ઓઝા, રમણલાલ શ્રીમાળી, સોમાભાઈ પરમાર, દશરથલાલ પરમાર, મનિષ દવે, હસમુખભાઈ ઠાકર, જીવણલાલ પરમાર અને હરીશકુમાર શ્રીમાળીની બિન હરીફ વરણી કરવામાં આવી છે.

## સાયન્સ સિટી ખાતે આનંદનો ગરબો

ભાવનાબેન ગોકલાણીના મધુરકંઠે આનંદનો ગરબો આજરોજ રવિવાર બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન અમદાવાદ, સાયન્સ સિટી રોડ ઐશ્વર્ય બંગ્લોઝની બાજુમાં મલય બંગ્લોઝ ખાતે નરેશભાઈ ઠક્કરના નિવાસસ્થાને યોજાશે. ભક્તોને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

## સેક્ટર-૫ આનંદનો ગરબો, સુંદરકાંડ પાઠ યોજાશે

ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો તા. ૧૪ એપ્રિલ મંગળવાર બપોરે ૩ થી ૬ કલાકે રાકેશભાઈ રાવલના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૫૦/૨, સેક્ટર-૫-બી ખાતે યોજાશે. તેમજ રાત્રે ૯.૦૦ વાગે સુંદરકાંડ પાઠ યોજવામાં આવશે. નગરના સર્વે ભક્તોને બન્ને ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## હિન્દુ ધર્મનું તત્વચિંતન પર વક્તવ્ય

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ડૉ. આંબેડકરના હિન્દુ ધર્મનું તત્વચિંતન’ ગ્રંથ વિશે જાણીતા કવિ, વિવેચક નીરવ પટેલનું વક્તવ્ય તા. ૧૨-૪-૨૦૧૫ના રોજ, ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે સાંજના ૬.૦૦ થી ૭.૩૦ કલાકે યોજાશે. નગરના સાહિત્યકારોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ છે.

# ટ્રેક્ટરના ટાયર નીચે બે વર્ષનું બાળક ચગદાઈ ગયું...!

## છાલા-કાનપુર પાસે ખેતરમાં ટ્રેક્ટર ખસેડ્યુ ને નીચે સુતેલા બાળક પર ટાયર ફરી વળ્યુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત છાલા કાનપુર ગામની સીમમાં એક ખેતરમાં થ્રેસર વડે ઘઉં કાઢવાનું કામ ચાલી રહ્યુ હતુ ત્યારે એક કાળજી કંપાવી નાંખે તેવો કિસ્સો બનવા પામ્યો હતો. ટ્રેક્ટરની પાછળ સુતેલા બે વર્ષના માસુમ બાળક પર ટ્રેક્ટર ખસેડતી વખતે ટાયર ફરી વળ્યુ હતુ અને ટાયર નીચે ચગદાઈ જવાથી બાળકનું સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. ચિલોડા પોલીસે ઘટના અંગે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

છાલા કાનપુર ગામની સીમમાં સ્થિત એક ખેતરમાં થ્રેસર વડે આજે ઘઉં કાઢવાનું કામકાજ ચાલી રહ્યુ હતુ. મુળ દાહોદના વતની જયંતીભાઈ પારધી તેમના બે વર્ષના બાળક અજીત સહિત પરીવાર સાથે આ ખેતરમાં આવીને રહેતા હતા અને પરીવાર મજુરી કામ કરતુ હતુ. આજે સમી સાંજે બે વર્ષનું બાળક અજીત રમતુ રમતુ ટ્રેક્ટર પાછળ જઈને ત્યાં સુઈ ગયુ હતુ. ખેતરમાં કામ પુરૂ થતા ટ્રેક્ટરને ખસેડવા જતાં પાછળ સુઈ ગયેલુ માસુમ બાળક દેખાયુ નહી અને તેના પરથી ટાયર ફરી વળતા ચગદાઈ ગયુ હતુ. આ અકસ્માતમાં બાળકનું સ્થળ પર જ મૃત્યુ થઈ ગયુ હતુ અને ખેતરમાં હૈયાફાટ રૂદન શરૂ થઈ ગયુ હતુ. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતા જમાદાર હિરાજી સ્થળ પર પહોંચી ગયા હતા અને પી.એમ. કરાવી ઘટનાની ઊંડી તપાસ માટે કાર્યવાહી શરૂ કરી છે.

# ચિલોડા-ગાંધીનગર માર્ગ પર ત્રિપલ અકસ્માતમાં પાંચ ઘાયલ

## મીલેટરી ટ્રક, રિક્ષા અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો : આઠ માસના બાળકનું કાંડુ છુટુ થઈ ગયુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક બીએસએફ હતી. જેમાં એક આઠ માસના બાળકનું કાંડુ છુટુ પડી જવા પામ્યુ હતુ. તાત્કાલિક રિક્ષામાં સવાર બે બાળકો તથા બે મહિલાઓ ઉપરાંત રિક્ષાચાલકને પણ



(તસવીર : નટુભાઈ પટેલ)

કેમ્પ પાસે બપોરના અરસામાં સર્જાયેલા ત્રીપલ અકસ્માતમાં પાંચ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. મીલેટરી ટ્રક, રિક્ષા અને ટ્રેક્ટર વચ્ચેના આ અકસ્માતમાં બે મહિલાઓ તથા બે બાળકો સહિત રીક્ષાચાલક મળી પાંચને ઈજાઓ થઈ ઘાયલોને હોસ્પિટલ લઈ જવાયા હતા. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

મિલેટરી ટ્રક, રિક્ષા અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રકનો આગળના ભાગે રિક્ષા ફસાઈ જવા પામી હતી. ઈજાઓ પહોંચી હતી જેમાં એક બાળકને જમણા હાથનું કાંડુ કપાઈ જતાં હાલત ગંભીર હતી. ચિલોડા પોલીસ ઘટનાની જાણ થતાં સ્થળ પર પહોંચી ગઈ હતી. જો કે નસીબ જોગે કોઈ જાનહાની થવા પામી ન હતી.

# ‘રોમિયો ડ્રાઈવ’માં પોલીસે છ તત્વો સામે કેસ કર્યા

## ત્રીદિવસીય ડ્રાઈવમાં ગાંધીનગરમાં એક, સાબરકાંઠામાં એક અને અરવલ્લીમાં ચાર રોમીયોગીરી કરતા તત્વો સામે પોલીસે ગુનો નોંધી કડક કાર્યવાહી કરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલે ચાર્જ સંભાળ્યા બાદ વિવિધ વિસ્તારોમાં યોજેલા લોકદરબારમાં મુખ્યત્વે શાળા-કોલેજ, ટયુશન, શાકમાર્કેટ અને મંદિર જેવા સ્થળોએ યુવતી-મહિલાઓ ની છેડતી તથા મશ્કરીઓની ફરીયાદો મળી હતી. જેને પગલે ત્રીદિવસીય ‘રોમીયો ડ્રાઈવ’નું આયોજન ગાંધીનગર રેન્જના ચારેય જિલ્લામાં રાખવામાં આવ્યું હતું. જેમાં ઉપરોક્ત વિવિધ સ્થળો પર ખાનગી વેશમાં મહિલા પોલીસ ગોઠવીને આવા તત્વોને પકડી તેમના સામે ગુના દાખલ કરવામાં આવ્યા હતા.

ત્રીદિવસીય ડ્રાઈવમાં ગાંધીનગર જિલ્લામાં એક શખ્સ છેડતી કરતા પકડાઈ ગયો હતો તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે તે ઉપરાંત સાબરકાંઠામાં પણ એક રોમીયોગીરી કરતો શખ્સ પકડાયો છે. તથા અરવલ્લી જિલ્લામાં ચાર આવા તત્વોને પકડીને તે ચારેય સામે ગુનો દાખલ કરી ડ્રાઈવ દરમિયાન છ તત્ત્વોની સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. રેન્જ આઈપીજીએ પ્રજાને અપીલ કરી છે કે આવા કોઈ પણ તત્વો તમારી આસપાસનાં વિસ્તારમાં જણાય તો તાત્કાલિક જિલ્લા પોલિસ વડાની કચેરીએ અથવા ગાંધીનગર રેન્જમાં ૦૭૯-૨૩૨૬૦૬૧૫ ઉપર સંપર્ક કરવો. આ ફરિયાદ કરનાર વ્યકિતની ઓળખ જાહેર કરાશે નહિ અને પોલીસ દ્વારા કોઈ પણ જાતની પરેશાની કે પુછપરછ પણ કરવામાં આવશે નહીં.

# વડોદરા ગામના યુવાનનો નદી કાંઠે ઝાડ પર લટકી આપઘાત

## આર્થિક સંકડામણથી કંટાળીને યુવાને અંતિમ પગલુ ભર્યુ હોવાની આશંકા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક સ્થિત વડોદરા ગામમાં ભરવાડ વાસ ખાતે રહેતો ૩૫ વર્ષીય યુવાન વહેલી સવારે ગામ પાસે નદી કાંઠે ગયો અને ઝાડની ડાળીએ લટકી જઈ આપઘાત કરી લીધો હોવાની ચકચારી ઘટના બનવા પામી છે. યુવાને કયા કારણે અંતિમ પગલું ભર્યું તેનું ચોકકસ કારણ બહાર આવ્યું નથી પરંતુ આર્થિક સંકડામણને પગલે ગળે ફાંસો ખાઈ લીધો હોવાની આશંકા સેવાઈ રહી છે.

વડોદરા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીના કિનારે એક ઝાડની ડાળી પર લટકેલી હાલતમાં ૩૫ વર્ષીય મીઠાભાઈ વેલાભાઈ ભરવાડને ગામના જ ગોપાલભાઈ કાનાભાઈ ભરવાડે જોયા અને ડભોડા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ઝાડ પરથી ઉતારીને મીઠાભાઈને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મીઠાભાઈએ કયાં કારણે અપઘાત કર્યો તે રહસ્ય હજુ અકબંધ છે. પરંતુ ડભોડા પોલીસ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં યુવાન આર્થિક ભીંસમાં રહેતો હોવાનું જાણવા મળતા આ કારણોસર આપઘાત કર્યો હોવાની શકયતા જણાઈ રહી છે.

# નાગર સમાજના વિધિ વિધાનનો દસ્તાવેજ પુસ્તકનું આજે વિમોચન થશે

ગાંધીનગર, તા. ૧૧

વર્તમાન સમયમાં વડવાઓએ તૈયાર કરેલા રીત-રિવાજોનું પોટલુ અભેરાઈએ ચડાવી દેવામાં આવ્યું છે. સમાજમાં લુપ્ત થઈ રહેલા રીત રિવાજોને પુનઃ પ્રસ્થાપિત કરતું પુસ્તક ‘નાગર સમાજના વિધિ વિધાનનો દસ્તાવેજ’નો વિમોચન સમારોહ યોજાશે.

હર્ષદકુમાર કેશવલાલ અધ્યારૂ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી અંજલી પંડ્યા લિખિત ‘નાગર સમાજના વિધિ વિધાનનો દસ્તાવેજ’ પુસ્તકનો વિમોચન સમારોહ આજરોજ રવિવાર સાંજે ૪.૦૦ વાગે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન અટીરા કેમ્પસ સ્થિત જે.બી. ઓડીટોરીયમ હોલ ખાતે યોજાશે. જેમાં મુખ્ય અતિથિ તરીકે પ.પૂ. સ્વામીશ્રી અધ્યાત્માનંદજી અને અતિથિ વિશેષ તરીકે પરેશ રાવલ, સાંસદ, અમદાવાદ પૂર્વ અને ભાગ્યેશ જહા, નિવૃત્ત આઈ.એ.એસ. ઉપસ્થિત રહેશે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪
સૂર્યાસ્ત : ૬.૫૯

### તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૭૫ ટકા

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**
ફાસ્ટ એન્ડ ફયુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
ફાસ્ટ એન્ડ ફયુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**
ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**
એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
ફાસ્ટ એન્ડ ફયુરીયસ : ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
લીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૬.૪૫

**સ્ક્રીન-૩ :**
ફાસ્ટ એન્ડ ફયુરીયસ (ઇંગ્લીશ) : ૭.૦૦
બ્રોકન હોર્સીસ : ૧૦.૩૦, ૩.૦, ૫.૦૦, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફયુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**
લીલા : ૧૦.૦૦
ધરમ સંકટ મેં : ૩.૪૫
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**
લીલા : ૬.૩૦
ફાસ્ટ એન્ડ ફયુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
ધરમ સંકટ મેં : ૧૨.૪૫, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર વિમર્શ થઈ શકશે. વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**વૃષભ** : વિશેષ ઉન્નતિકારક યોગના કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબૂ રાખવો. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે.

**મિથુન** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : વિશેષ નાણાંકીય વિચાર-વિમર્શનો યોગ, આર્થિક ક્ષેત્રમાં લાભદાયક કાર્ય થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગદોડ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**વૃશ્ચિક** : માંગલિક, ધાર્મિક કાર્યમાં અડચણની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : નવા કાર્યો માટે ભાગદોડ રહેશે. ભાગીદારીથી વિશેષ લાભ મળશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.

### ચિરવિદાય

● સ્વ. ભગવતીબેન મનુપ્રસાદ યાજ્ઞિક (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૫૧૭/૨, સેક્ટર-૨૧, વાસ્તુનિર્માણ સોસાયટી, ગાંધીનગર